# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં લગભગ ૧૧ હજાર કરોડ રૂપિયાના બે મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.
2. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે દક્ષિણ કોરિયન સમકક્ષ ચો હ્યુન સાથે વેપાર ઉત્પાદન, દરિયાઈ સહિતના ક્ષેત્રોમાં સહયોગ વધારવાની ચર્ચા કરી
3. ભારતે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે અલાસ્કામાં યોજાયેલી શિખર બેઠકનું સ્વાગત કર્યું
4. જમ્મુ કાશ્મીરમાં, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આજે કિશ્તવાડના ચાશોટી ગામની મુલાકાત લઇને સહાયની જાહેરાત
5. દેશભરમાં આજે શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનો તહેવાર ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PM -DELHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં લગભગ 11 હજાર કરોડ રૂપિયાના બે મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ્સમાં દ્વારકા એક્સપ્રેસવેનો દિલ્હી સેક્શન અને અર્બન એક્સટેન્શન રોડ-II (UER-II)નો સમાવેશ થાય છે. એક નિવેદનમાં, પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય રાજધાનીમાં ટ્રાફિક ઘટાડવા માટે સરકારની વ્યાપક યોજના હેઠળ વિકસાવવામાં આવ્યા છે, જેનો ઉદ્દેશ્ય કનેક્ટિવિટીમાં ઘણો સુધારો કરવાનો, મુસાફરીનો સમય ઘટાડવાનો અને દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક ઘટાડવાનો છે. આ પ્રસંગે, શ્રી મોદી સભાને પણ સંબોધિત કરશે.

. . . . . . . . . . . . . .

## REV. PM- WORLD LEADERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના 79મા સ્વતંત્રતા દિવસ પર શુભેચ્છાઓ પાઠવવા બદલ ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીનો આભાર માન્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ શુભેચ્છા વ્યક્ત કરી હતી કે ભારત-ઇઝરાયલ વચ્ચેની મિત્રતા સતત વિકસતી રહે અને બંને દેશો તેમના સંબંધોને મજબૂત અને ગાઢ બનાવે અને લોકોમાં શાંતિ, વિકાસ તેમજ સુરક્ષા લાવે. યુક્રેનને શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ દ્વારા ચિહ્નિત ભવિષ્યની શુભેચ્છા પાઠવતા પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, ભારત અને યુક્રેન વચ્ચે

વધુ ગાઢ સંબંધો સ્થાપિત કરવાની સંયુક્ત પ્રતિબદ્ધતાને ભારત મહત્વ આપે છે.

. . . . . . . . . . . . . . .

## JAISHANKAR-KOREAN FM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં તેમના દક્ષિણ કોરિયન સમકક્ષ ચો હ્યુન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે બંને નેતાઓએ વેપાર, ઉત્પાદન, દરિયાઈ અને આદાન-પ્રદાન સહિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને આગળ વધારવાના હેતુથી ઉત્પાદક ચર્ચાઓ કરી હતી. તેમણે કહ્યું કે, તેમણે કૃત્રિમ બુદ્ધિમત્તા, સેમિકન્ડક્ટર, સ્વચ્છ ઉર્જા અને સંરક્ષણ સહિતના ઉભરતા ક્ષેત્રોમાં નવી તકોની પણ શોધ કરી હતી.

બેઠક દરમિયાન, ડૉ. જયશંકરે બંને દેશો વચ્ચેના ગાઢ સંકલન અને વિસ્તરણ જોડાણ માટે પણ પ્રશંસા વ્યક્ત કરી હતી કારણ કે તેઓ તેમની ખાસ વ્યૂહાત્મક ભાગીદારીની 10મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . .

## EVE INDIA-TRUMP-PUTIN OVERALL

ભારતે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે અલાસ્કામાં યોજાયેલી શિખર બેઠકનું સ્વાગત કર્યું છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આગળ વધવાનો માર્ગ ફક્ત વાતચીત અને રાજદ્વારી દ્વારા જ શક્ય છે. અલાસ્કામાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે લગભગ ત્રણ કલાકની બેઠક બાદ તેમની ટિપ્પણીઓ બહાર આવી હતી. જે

ફેબ્રુઆરી 2022 માં રશિયાના યુક્રેન પર આક્રમણ પછી પ્રથમ યુએસ-રશિયા શિખર બેઠક હતી.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે તેઓ સોમવારે વોશિંગ્ટનમાં ટ્રમ્પને મળશે. વ્હાઇટ હાઉસે પુષ્ટિ આપી હતી કે ટ્રમ્પે ઝેલેન્સ્કી સાથેના તેમના ફોન કોલ પછી નાટો નેતાઓ સાથે પણ વાત કરી હતી. દરમિયાન, ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન, જર્મન ચાન્સેલર મેર્ઝ, યુકેના  પ્રધાનમંત્રી  સ્ટારમર અને ઇટાલીના પ્રધાનમંત્રી  મેલોની સહિત યુરોપિયન નેતાઓએ ટ્રમ્પ દ્વારા શેર કરવામાં આવેલી માહિતીની સમીક્ષા કરવા માટે ઝેલેન્સ્કી સાથે ચર્ચા કરી હતી. પોલેન્ડના પ્રધાનમંત્રી ટસ્કે કહ્યું કે તેઓએ સંયુક્ત રીતે એક નિવેદન તૈયાર કર્યું છે.

. . . . . . . . . . . . . . .

# CHINA -NEPAL-VISIT

વિદેશ સચિવ વિક્રમ મિશ્રી આવતીકાલથી નેપાળની બે દિવસની સત્તાવાર મુલાકાતે જશે. વિદેશ મંત્રાલયે જણાવ્યુછે કે ભારત તેની "પડોશી પ્રથમ" નીતિ હેઠળ નેપાળ સાથેના સંબંધોને ઉચ્ચ પ્રાથમિકતા આપે છે. મંત્રાલયે કહ્યું છે કે આ મુલાકાત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવશે.

ચીનના વિદેશ મંત્રી વાંગ યી સોમવારે બે દિવસની ભારતની મુલાકાત અન્વયે દિલ્હી પહોંચશે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલના આમંત્રણ પર ભારત આવી રહ્યા છે. તે અજિત ડોભાલ સાથે ભારત-ચીન સરહદ મુદ્દા પર ખાસ પ્રતિનિધિઓની 24મી રાઉન્ડની વાટાઘાટો કરશે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર પણ દ્વિપક્ષીય બેઠક કરશે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# J&K:CM VISITS FLOOD HIT

જમ્મુ કાશ્મીરમાં, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આજે કિશ્તવાડના ચાશોટી ગામની મુલાકાત લીધી હતી જેથી પૂરથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી શકાય. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ રાહત અને બચાવ કામગીરીનું નિરીક્ષણ કરી રહેલા એક વરિષ્ઠ સૈન્ય અધિકારીએ મુખ્યમંત્રીને ચાલુ કામગીરી વિશે માહિતી આપી હતી.

મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી સહાયની જાહેરાત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મૃતકોના પરિવારોને 2 લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલ થયેલા લોકો માટે 1 લાખ રૂપિયા અને નાની ઇજાઓ માટે 50 હજાર

રૂપિયા આપવામાં આવશે. ક્ષતિગ્રસ્ત માળખા માટે વળતર ગંભીરતાના આધારે 25 હજારથી 1 લાખ રૂપિયા સુધીની છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, ટ્રાન્સપોર્ટ કમિશનર વિશેષ મહાજને માહિતી આપી હતી કે યાત્રાળુઓ સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચે અને જરૂરી સહાય મળે તે સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓ ચોવીસ કલાક કામ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . .

## JAMMU KASHMIR -LG

જમ્મુ અને કાશ્મીરમાં, ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ આજે વરિષ્ઠ અધિકારીઓ સાથે વાત કરી અને કિશ્તવાડના ચાશોટીમાં વિનાશક પૂર બાદ ચાલી રહેલા બચાવ અને રાહત કાર્યોની સમીક્ષા કરી. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઉપરાજ્યપાલે ખાતરી આપી હતી કે તમામ ક્ષતિગ્રસ્ત ઘરોનું પુનર્નિર્માણ કરવામાં આવશે અને અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો કે અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત અને આવશ્યક વસ્તુઓનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવે.

. . . . . . . . . . . . . .

## JANASTAMI

દેશભરમાં આજે શ્રી કૃષ્ણ જન્માષ્ટમી ઉજવાઇ રહી છે. ગુજરાતમાં, ભગવાન કૃષ્ણના જન્મ જન્માષ્ટમીનો તહેવાર ધામધૂમથી ઉજવાઇ રહ્યો

છે, આજે દ્વારકાધીશ મંદિર, ડાકોર અને શામળાજી મંદિરો સહિત તમામ શ્રીકૃષ્ણ મંદિરોમાં ધાર્મિક ઉત્સાહ અને ઊંડી ભક્તિભાવ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. સાંભળીએ અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ ...

(VOICE CAST- APARNA KHUNT)

ઉત્તર પ્રદેશમાં, ભગવાન કૃષ્ણની જન્મજયંતિ પર મથુરા અને વૃંદાવનની શેરીઓ ભક્તોથી ભરેલી છે. "કૃષ્ણ જન્મસ્થાન સેવા સંસ્થાનના સભ્ય, ગોપેશ્વર નાથ ચતુર્વેદીએ જણાવ્યું હતું કે જન્મોત્સવ કાર્યક્રમ રાત્રે 11 વાગ્યે શરૂ થશે અને પ્રકટ્યોત્સવ મધ્યરાત્રિ 12 વાગ્યે યોજાશે. મંદિર દર્શન માટે સવારે 2 વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

(બાઈટ - OM AWASTHI)

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ બપોરે મથુરા પહોંચ્યા અને શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિરમાં પ્રાર્થના કરી. દિલ્હી, નોઈડા અને ગાઝિયાબાદ સહિત NCRમાં મંદિરોને શણગારવામાં આવ્યા છે. મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી રહી છે. ઇસ્કોન મંદિરોમાં ઉજવણી માટે મોટી સંખ્યામાં ભક્તો પહોંચ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ પણ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી નિમિત્તે કૈલાશના પૂર્વમાં આવેલા ઇસ્કોન મંદિરમાં પ્રાર્થના કરી હતી.

. . . . . . . . . . . . . .

# ASTRONAUT SHUKLA- RETURN

આંતરરાષ્ટ્રીય અવકાશ મથક, ISSની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય, ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા, ભ્રમણકક્ષા પ્રયોગશાળામાં 18 દિવસના સફળ મિશન પૂર્ણ કર્યા પછી ભારત પરત ફરી રહ્યા છે. તેઓ

તેમના સફળ અવકાશ મિશન પછી યુએસમાં હતા. તેઓ આવતીકાલે દેશમાં પહોંચવાની અપેક્ષા છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર, શુક્લાએ તેમની યાત્રા અને મિત્રો અને પરિવાર સાથે મુલાકાતના ઉત્સાહને યાદ કરતી એક પોસ્ટ શેર કરી હતી . શુક્લા, એક્સિઓમ-4 મિશનના પાયલોટ હતા, જે દરમિયાન તેમણે અવકાશમાં વૈજ્ઞાનિક સંશોધનને આગળ વધારવાના હેતુથી માઇક્રોગ્રેવિટી પ્રયોગોની શ્રેણી હાથ ધરી હતી. શુક્લા ભારતના પ્રથમ માનવ અવકાશ ઉડાન મિશન, ગગનયાન માટે શોર્ટલિસ્ટ કરાયેલા અવકાશયાત્રીઓમાંના એક પણ છે.

. . . . . . . . . . . . . . .

## PREZ AMRUT UDYAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ, શનિવારે રાષ્ટ્રપતિ ભવન સંકુલમાં સ્થિત અમૃત ઉદ્યાનમાં ત્રણ નવા આકર્ષણો પ્લુમેરિયા ગાર્ડન, બૈનિયન ગ્રોવ અને બૈબલિંગ બ્રૂકનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું.

પ્લુમેરિયા ગાર્ડન ખાસ કરીને ઘાસવાળી ટેકરીઓ અને સુશોભિત છોડના ક્યારાઓથી શણગારવામાં આવ્યું છે,. બૈનિયન ગ્રોવમાં રીફ્લેક્સોલોજી પથ, પંચતત્વ ટ્રેલ્સ અને વન પ્રેરિત ધ્વનિ વાતાવરણ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે, જે આ સ્થળને ધ્યાન અને આત્મનિરીક્ષણ માટે યોગ્ય બનાવે છે. આ સાથે, બૈબલિંગ બ્રૂકમાં ધોધ, કલાત્મક પાણીના પ્રવાહો, પથ્થરના રસ્તાઓ અને એક ઉંચા પ્રતિબિંબિત

પાણીનો પૂલ શામેલ છે, જે મુલાકાતીઓને પાણી આધારિત સુંદરતાનો અનુભવ કરાવે છે.

રાષ્ટ્રપતિ ભવનના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ ત્રણેય સ્થળો હવે 'અમૃત ઉદ્યાન'નો ભાગ બની ગયા છે, જે 14 સપ્ટેમ્બર સુધી સામાન્ય લોકો માટે ખુલ્લા રહેશે.

. . . . . . . . . . . . . .

## PM NAVROZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, શનિવારે પારસી નવા વર્ષ 'નવરોજ' નિમિત્તે દેશવાસીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.

પ્રધાનમંત્રીએ એક એક્સ પોસ્ટમાં લખ્યું, "પારસી નવા વર્ષની શરૂઆત પર હાર્દિક શુભેચ્છાઓ! આપણા રાષ્ટ્રમાં પારસી સમુદાયના કાયમી યોગદાન પર આપણે બધા ગર્વ અનુભવીએ છીએ. આ વર્ષ બધા માટે સુખ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્ય લાવે. નવરોજ મુબારક!"

ઉલ્લેખનીય છે કે, પારસી સમુદાય દ્વારા નવરોજનો તહેવાર પરંપરાગત ઉલ્લાસ અને આધ્યાત્મિક ભાવના સાથે ઉજવવામાં આવે છે.

. . . . . . . . . . . . . .